# કલોલ સંકલ્પ રેસીડેન્સી ખાતે દિશા પ્રજાપતિએ ઘરે માટીના ગણપતિ બનાવી પર્યાવરણ બચાવોનો સંદેશો આપ્યો

ચિલોડા, તા. ૨૧

ભાદરવ સુદ - ચોથથી ગણેશ ચતુર્થી મહોત્સવ શુભારંભ થઈ રહ્યો છે. ચાલુ સાલે ભારતમાં કોરોના મહામારીને લીધે દર વર્ષે જેમ શ્રીગણેશજી પીઓપીને બદલે માટીના ગણેશજી ઘરે-ઘરે શ્રદ્ધાળુ ગણેશ ભક્તજનો દ્વારા બિરાજમાન થશે. આ વર્ષે માટીના ગણેશની સ્થાપના શનિવારના દિવસથી વિધિવત રીતે સ્થાપના વિધિ થશે.

ત્યારે સમગ્ર વિશ્વ કોરોના સામે લડી રહ્યું છે. તેવામાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે આપણી સુરક્ષા સાથે વિશેષ તકેદારી અને જવાબદારી નિભાવવાની ફરજ બની છે. ત્યારે માટી સૌથી પવિત્ર-પ્રકૃતિનું આધાર તત્વ હોવાથી ઈકો ફ્રેન્ડલી ગણેશ સ્થાપના કરવી સૌનું ભલું રહેલું છે. ત્યારે કલોલ તાલુકાના કલોલ સ્થિત સંકલ્પ રેસીડેન્સી ખાતે રહેતી દિશા પ્રજાપતિએ પોતાના ઘરે માટીના ગણપતિ બનાવી પર્યાવરણ જાગૃતિનો શભસંદેશ પહોંચાડવાનો પ્રયાસ હાથ ધર્યો છે. ગણપતિની સ્થાપના સાથે ભક્તિપૂર્વક પૂજા-





અર્ચના કરી સારી ભક્તિમય માહોલથી પરંપરા અને સંસ્કૃતિનું સિંચન સાથે ભક્તિમયથી વાતાવરણ ધન્યતાઓ અનુભવ થશે. ઉપરાંત કોરોનાથી બચવા ઘરમાં ગણેશજીની સ્થાપના અને ઘરમાં વિસર્જન કરવાથી પર્યાવરણ બચાવ થશે. સર્જનાત્મકતા અને હસ્તકલા પ્રવૃત્તિ હસ્તગત કરી કૌશલ્યકળા માટીની મૂર્તિમાં કંડારી ભક્તિભાવ વ્યક્ત કર્યો છે.

# શ્રીમતી એમ.બી પટેલ ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓએ ઓનલાઈન ઈકો ફ્રેન્ડલી માટીની મૂર્તિ બનાવાઈ










ગાંધીનગર, તા. ૨૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન શિક્ષણની સાથે-સાથે વિદ્યાર્થિની બહેનો સહ અભ્યાસ પ્રવૃત્તિઓનું પણ આયોજન કરીને તેમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર કાઢવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તેવા શુભ હેતુસર ધોરણ-૬ થી ૮માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બહેનોએ ગણેશ ચતુર્થીના પવિત્ર પ્રસંગે પોતે ઘરે ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મૂર્તિઓ તૈયાર કરી હતી. તથા ગણેશજીનું ચિત્રકામ પણ કર્યુ હતું.

શાળામાં ઓનલાઈન ફોટોગ્રાફ પણ મોકલ્યા હતા. વિદ્યાર્થીની બહેનોને પર્યાવરણ શુદ્ધિકરણનો શુભ સંદેશો બધાને મળે એટલા માટે ગણેશજીનું વિસર્જન તુલસી કયારામાં કરવું એવું વીડિયો દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું.

આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર રાજેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન નીચે ચંદ્રકાન્તભાઈ પટેલ તથા લતાબેન તથા વીડિયો તૈયાર કરનાર તમામ શિક્ષક મિત્રો તથા વિદ્યાર્થીની બહેનોને શાળાના આચાર્યા નીરુબેન જે પટેલે અભિનંદન પાઠવ્યા હતા.



## ગણપતિના ચિત્રથી સર્જકતાના અણસાર

જાણીતા સાહિત્યકાર કેશુભાઈની ચાર વર્ષીય દોહિત્રીએ ગણેશ ચતુર્થીના ઉપલક્ષમાં કાલા-ઘેલા રંગોથી ગણપતિ બાપાનું ચિત્ર દોરી તેની સર્જકતાના અણસાર આપ્યા હતા.

# ચિલોડા-લીંબડીયા વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસતાં પાણી ભરાવાના પ્રશ્ને ભારે હાલાકી





ચિલોડા, તા, ૨૧

ચિલોડા ગામના પ્રવેશદ્વાર પાસેથી પસાર થતી ધણપ-મુઠિયા ક્રોસમાં સવારે બે થી ત્રણ કલાક ભારે વરસાદનું આગમન થતાં ધસમસતાં પાણીનો પ્રવાહ વહેતા ગામનું તળાવ ભરાઈ ક્રોસમાં વહેવા માંડ્યું હતું.

આ ઉપરાંત લીંબડીયા ગામના વિસ્તારમાં પરબડી વાસ, ઈન્દિરા આવાસ અને પટેલ વાસમાં વરસાદી પાણીની કેનાલ બંધ કરી હોવાનું ગામના સરંપચ હર્ષદભાઈ પટેલે આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં હાઈવે સત્તાવાળા આંખ આડા કાન કરે છે આ બાબતે કોઈ સંતોષકારક પ્રત્યુત્તર ન મળતાં રોષ વ્યાપી રહ્યો છે. પરિણામે સરપંચ હર્ષદભાઈ પટેલે જાતે ગ્રામજનો દ્વારા પાણીનો નિકાલ કરાવ્યો હતો.



સેકટર-૬ સરસત્વતી વિદ્યાલયમાં ઓલનઆઈન ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભક્તિ અને રાષ્ટ્રપ્રેમ જાગૃત થાય તે હેતુને ધ્યાનમાં રાખીને ચિત્રસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સ્વપ્રયત્ને ચિત્ર દોરીને તેમા રંગ પૂરે તેવો શાળા તરફથી આગ્રહ રાખવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે 'શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર ગ્રંથ' ની કથાની પૂર્ણાહુતિ

## હરિભક્તોએ ઓન લાઇન કથાનો લાહવો લીધો



ગાંધીનગર, તા. ૨૧

શ્રી સ્વામિનારાયણ ગાદીના ષષ્ઠ આચાર્ય શ્રી જીતેંદ્રપ્રિયદાસજી સ્વામીજીની અધ્યક્ષતામાં શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગર ખાતે શ્રી સ્વામિનારાયણ ગાદીના આધ આચાર્ય પ્રવર શ્રી મુક્તજીવન સ્વામીબાપા રચિત "શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર ગ્રંથ" ની પંદર દિવસની કથા બાદ પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

કથા આચાર્ય શ્રી જીતેંદ્રપ્રિયદાસજી સ્વામી, મહંત સદગુરુ ભગવતપ્રિયદાસજી સ્વામી, સં. સિ. શ્રી વિજ્ઞાનપ્રકાશદાસજી સ્વામી તથા સં. સિ. શ્રી જ્ઞાનભુષણદાસજી સ્વામી દ્વારા કરવામાં અવિત હતી જેનો હરિભક્તોએ ઓન લાઈન કથા શ્રવણનો લાભ લીધો હતો.

આચાર્ય શ્રી જીતેંદ્રપ્રિયદાસજી સ્વામીએ જણાવ્યુ હતું કે શ્રોતા અને વકતા બંને ભેગા મળે તો સંવાદથી કથાનો સત્સંગ થાય. શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર ગ્રંથ કે જેમાં ૨૦,૦૦૦ શ્લોકોથી જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ સંસ્કૃતભાષા – દેવભાષામાં અને કુલ નવ પ્રવાહમાં ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથ એક અમ્રુત, કલ્પતરૂ, કામધેનું અને ચિંતામણિ તુલ્ય છે. જેથી અંતરમાં શાંતિનોં અહેસાસ થાય છે.

# ગુજરાતની વીજ વિતરણ કંપની રાષ્ટ્રિય સ્તરે અગ્રિમ હરોળ પર

ગાંધીનગર, તા. ૨૧

વીજ વિતરણ કંપનીઓના વિભાજન બાદ વીજ ક્ષેત્રની સુધારણા અને અમલીકરણ બાબત ગુજરાત રાજય સમગ્ર દેશમાં અગ્રેસર રહયુ છે. જીયુવીએનએલ હસ્તકની ચારયે વીજ વિતરણ કંપનીઓ રાષ્ટ્રિય સ્તરે સતત ચમકતી રહેલ છે. કેન્દ્ર સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા કરવામાં આવતાં વાર્ષિક એકીકૃત રેક્રીંગમાં ડીજીવીસીએલ, એમજીવીસીએલ, પીજીવીસીએલ અને યુજીવીસીએલ દ્વારા વહીવટી અને આર્થિક સિદ્ધિઓ માટે એ રેટિંગ મેળવી પ્રથમ ૦૫ વીજ વિતરણ કંપનીઓમાં સ્થાન મેળવાયેલ છે.

રાજયના ઉર્જા મંત્રાલય અને જીયુવીએનએલદ્વારા સુધારણા માટે લેવાયેલ વિવિધ પગલાંઓ જેમકે, વીજ સ્થાપનોની ચકાસણી, જૂના અને ખામીયુકત મીટર્સને બદલવા, ખામીયુકત વીજ વાયરો બદલવા, વીજ વિતરણ તંત્રનું સુદ્રઢીકરણ, અને માળખાગત સુધારણા તથા પ્રગતિ માટેની વિવિધ યોજનાઓના કારણે આ શક્ય બન્યું છે. કેન્દ્ર સરકારના આર-એપીડીઆરપી પ્રોજેક્ટ હેઠળ ૧૫% કરતા વધારે વીજ વિતરણ વ્યય વાળા શહેરોને વીજ વિતરણ વ્યય ઘટાડવાનો લક્ષ્યાંક હતો. આ યોજના અંતર્ગત વીજ વિતરણ કંપનીઓના વિવિધ ૮૪ શહેરોમાં વીજ માળખા સુદ્રઢીકરણની કામગીરી હાથ ધરાયેલ. જેના પરિણામે બધાજ ૮૪ શહેરોમાં વીજ વ્યય ઘટાડો શકય બનેલ. ૬૮ શહેરોમા આ વીજ વ્યય ૧૫ ટકાથી પણ ઘટી ગયેલ છે અને ૪૨ શહેરોમા આ વીજ વ્યય એકી સંખ્યામાં એટલે કે ૯ટકા કરતાં ઓછો રહેલ છે, જેમાં સુરત, ભરૂચ, નવસારી, વડોદરા આણંદ, દાહોદ, રાજકોટ, ભુજ, પોરબંદર, ધોરાજી, હિંમતનગર, અમદાવાદ, મહેસાણા, પાલનપુર, મોડાસા વગેર શહેરોનો સમાવેશ છે.

વધુમાં વીજ વિતરણ કંપનીઓ માટેની કેન્દ્ર સરકારશ્રીની સૌથી મહત્વની 'ઉદય' યોજનાનો હેતુ વિવિધ માપદંડો અંતર્ગત કાર્યક્ષમતા વધારી વીજ વિતરણ વ્યય ઘટાડવાનો તથા વીજળીની ખરીદ કિંમત ઘટાડવાના હતો. સદર યોજના અંતર્ગત માર્ચ ૨૦૨૦ સુધીમાં ગુજરાત રાજયને ૧૩.૫૦ ટકા સુધી વીજ વ્યય ઘટાડવાનો લક્ષ્યાંક અપાયેલ, જે ૧૧.૦૧ ટકા સુધી વીજ વ્યય ઘટાડી સફળતાપૂર્વક હાંસલ કરાયેલ છે, જે રાષ્ટ્રીય સ્તર ના સરેરાશ વીજ વિતરણ વ્યય ૧૮.૭૨ ટકા ની સાપેક્ષે ઘણા ઓછા છે.

# સ્કૂલ બંધ હોવાથી વ્યવસ્થિત અભ્યાસ કેવી રીતે કરવો?



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.


હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. હું ધોરણ ૭ માં અભ્યાસ કરું છું. હાલ સ્કૂલ બંધ હોવાથી બરાબર વાંચન થઈ શકતું નથી. મને પરિક્ષાની ચિંતા થાય છે. શું કરું?**

**- કૃતિબા જાડેજા, ગાંધીનગર**

કૃતિ, આપની પરીક્ષા અને ભવિષ્ય વિશેની ચિંતા જોઈને ઘણો આનંદ થયો. હાલ આ જે સમય ચાલી રહ્યો છે એ ફક્ત આપનો જ નહીં પણ અસંખ્ય વિદ્યાર્થીમિત્રો તથા વાલીગણનો સવાલ છે. હાલ સ્કૂલ અને કોલેજનું સમગ્ર શૌક્ષણિક કાર્ય ઠપ થયેલ છે ત્યારે આવી પરિસ્થિતીમાં વિદ્યાર્થીઓએ



પોતાની મનોસ્થિતિ જાળવી રાખવી ખૂબ અગત્યની છે.એક રાહતની વાત એ છે કે આ કોઈ વ્યક્તિગત સમસ્યા નથી પણ દરેક વિદ્યાર્થીઓ ને આ સ્પર્શતો પ્રશ્ન છે એટ્લે કે જે પણ સમસ્યા આપને છે એ દરેક વિદ્યાર્થીઓને સતાવી રહી છે.પણ એ થી પણ અગત્યની વાત એ છે કે જે વિદ્યાર્થી આ સમયગાળામાં કઈ નવું શીખવાની અને નવું જાણવાની ઈચ્છા અને રસ નહીં ધરાવે એ વિદ્યાર્થી મિત્રો ને આગળ ચાલી ને તકલીફ પડી શકે છે. એટલે હાલ આ સમયમાં આપ સ્કૂલ નથી જઈ શકતા તો આપ એ સમયનો ટી.વી જોવામાં કે મોબાઈલમાં ગેમ રમવાની પાછળ પસાર નહીં કરીને અભ્યાસની પાછળ જો પસાર કરશો તો ચોક્કસ આપને મદદરૂપ થશે.એ માટે પુસ્તકનું તો આપને વાંચન રખવાનું છે જ સાથે સાથે આપ ઓનલાઈન માહિતી મેળવી અથવા આપના ઘરમાં કોઈ વડીલ અથવા અભ્યાસુની મદદથી દિવસના અમુક કલાક આપના અભ્યાસક્રમ પાછળ આપવા જરૂરી છે.જે આપ આગલા ધોરણમાં શીખી ગયા છો એનું નિયમિત પુનરાવર્તન કરો. નહીં તો પરિસ્થિતિ એ ઉભી થશે કે ન તો આપ નવું શીખી શકસો અને પહેલાનું ભણેલું ભૂલી જશો જે તમને ખૂબ ખરાબ પરિસ્થિતિમાં પોંહચાડી શકે છે. અને યાદ રાખો હાલ જે પરિસ્થિતી છે તે કાયમ રેહવાની નથી. ભવિષ્યમાં આપને સામાન્ય સંજોગોમાં પ્રવેશવાનું થવાનું જ છે. અને જો આપની પૂરી તૈયારી નહીં હોય તો આપને તકલીફ નો સામનો કરવો પડી શકે છે.તો આપને અને બધા વિદ્યાર્થીઓને છેલ્લે એટલું જ કહેવા માંગીએ છીએ કે આપ હિંમત હાર્યા વગર આ પરિસ્થિતીનો સામનો આપના વાંચન અને અભ્યાસ થકી કરી ચોક્કસ આવનાર સમયમાં સફળતા હાંસલ કરી શકો છો.

**૨. મે ધોરણ ૧૦ પછી ભારતીય નૌકાદળ માં જોડાવા માટે ની પરીક્ષા માહિતી આપો.**

**- સાહસ, કોડીનાર**

ભારતીય નૌકાદળમાં જોડાવાની એક વધુ તક મેટ્રિક પાસ પુરુષ ઉમેદવારોને આ પરીક્ષા પૂરી પાડે છે. જે વિજ્ઞાન વિષય સાથે મેટ્રિક પાસ હોય



તેમને અગ્રિમતા આપવામાં આવે છે. વયમર્યાદા ૧૪ થી ૧૯ વર્ષની છે. પસંદગી માટેની લેખિત પરીક્ષામાં બે પ્રશ્નપત્રો (૧) મેથેમેટિકસ તથા (૨) જનરલ નોલેજના હોય છે. બંનેના મહત્તમ ગુણ ૧૦૦-૧૦૦ છે. આ લેખિત પરીક્ષાના આધારે ગુણવત્તા યાદી તૈયાર કરવામાં આવે છે અને દિલ્હી, મુંબઈ, કોલકત્તા કે બેંગલોર ખાતે ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે છે. આખરી પસંદગી પામેલા ઉમેદવારોને સામાન્ય રીતે ૩ વર્ષ માટે નેવલ ડોકયાર્ડ સ્કૂલ, મુંબઈ ખાતે તાલીમ માટે મોકલવામાં આવે છે. આ તાલીમ દરમિયાન પ્રતિ માસ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.આ પરીક્ષામાં ધોરણ-૧૦ સુધીના ગણિત અને રિઝ્નિંગ ના પ્રશ્નો પૂછી ને આપની તાર્કિક શક્તિ માપવામાં આવે છે.જેમાં ઉત્તીર્ણ થયા બાદ આપ આગળ ના રાઉન્ડ માં જઈ શકો છો.આમ આપ આ પરીક્ષા ની તૈયારી જો નિયમિત રીતે ચાલુ કરી દો છો તો આપણે ચોક્કસ સફળતા પ્રાપ્ત થઈ ને જ રહેશે.

**૩. હું એમ.એ અભ્યાસ કરું છું.પ્રોફેસર બનવાના વિકલ્પો જણાવો.**

**- રાજેશ જોશી, અમદાવાદ**

એ જાણીને આનંદ થયો કે આપના ધ્યેય પ્રત્યે આપ સજાગ છો. પ્રોફેસર બનવા માટે આજકાલના ધોરણો પ્રમાણે પી.એચ.ડી, એમ.ફિલ, એન.ઈ.ટી (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ) અથવા એસ.એલ.ઈ.ટી (સ્ટેટ લેવલ એલિજિબિલિટી ટેસ્ટ) જેવી પરીક્ષાઓમાં જે તે ક્ષેત્ર માં ઊત્તિર્ણ થવું પડે છે. પી.એચ.ડી / એમ.ફિલ એક અભ્યાસક્રમ છે જેમાં ૩.૫ થી ૫ વર્ષનો સમય લગભગ લાગતો હોય છે. એન.ઈ.ટી પરીક્ષા હવે એન.ટી.એ એટ્લેકે નેશનલ ટેસ્ટિંગ એજન્સી ધ્વારા લેવામાં આવશે. પી.એચ.ડી અથવા તો એમ.ફિલ માટે માસ્ટર ડિગ્રી જરૂરી છે.

માસ્ટર ડિગ્રી મેળવ્યા પછી, આઈ.આઈ.એમ.માં એફ.પી.એમ એટ્લે કે ફેલો પ્રોગ્રામ ઈન મેનેજમેન્ટમાં અરજી કરી શકો છો. જેના માટે સી.એ.ટી (કેટ) નામની પરીક્ષા આપવાની હોય છે. આમ તમે માસ્ટર ડિગ્રી કર્યા પછી એન.ઈ.ટી, એસ.એલ. ઈ.ટી, એફ.પી.એમ, એમ. ફિલ અથવા પી.એચ. ડી કરીને આપ આપના ધ્યેયને પ્રાપ્ત કરી શકો છો. છે. એ સિવાય એમ.એ બાદ આપ બેંક અને એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કર્યા પછી આપ કોઈપણ રાષ્ટ્રીયકૃત બૅંક અથવા તો કેન્દ્ર સરકારમાં નોકરી મેળવી શકો છો. એમબીએ કર્યા પછી પણ ખુબજ સારું કરિયર બની શકે છે. એમ.બી.એ. કરો તો કોઈ પ્રખ્યાત કોલેજમાંથી કરશો તો વધુ ફાયદો થશે. તમને બૅંક અથવા એસ.એસ.સી.માં વધારે રસ છે



તો તમે એ ક્ષેત્રમાં પણ આગળ વધી શકો છો. એક વસ્તુ અહિયાં જણાવવા માંગીશું કે આપ એમ.બી.એ. કર્યા પછી પણ સરકારી નોકરી અથવા તો બૅંકમાં નોકરી મેળવી શકો છો. વધુ જાણકારી માટે ઈમેલ અથવા વોટ્સએપ કરી શકો છો.ઓલ ધ બેસ્ટ.

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:
ઈમેલ:questions.career corner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# જન્મદિને વધામણી



ઠક્કર શાંતિલાલ નરોત્તમદાસ
મો. ૯૯૦૯૯ ૧૪૦૨૨



સુશીલાબેન કચરાભાઈ ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



યશ મહેશકુમાર મોડ
મો. ૯૮૯૮૯ ૦૦૧૦૧



ધૃતિ જે શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩



ધ્રુવ પ્રજાપતિ 'આઝાદ'
સંપાદક : ઉડ્ડયન ઈ-મેગેઝીન
મો. ૯૭૨૫૪ ૭૩૯૯૯



હિંમતભાઈ બી સોલંકી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

**સચેત રહો સુરક્ષિત રહો**